# ગાંધીનગર સિવિલમાંથી કોરોનાગ્રસ્ત દર્દી ફરાર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર કોવીડ હોસ્પિટલના વોર્ડમાંથી કોરોનાગ્રસ્ત દર્દી ગાયબ થઈ ગયો છે. સિવિલ તંત્ર દ્વારા હોસ્પિટલના તમામ ખુણાઓમાં સહિત દર્દીના ઘરે પણ તપાસ કરવામાં આવી છે, તેમ છતા દર્દી મળી આવ્યો નથી. દર્દી ગાયબ થવાની જાણ સિવિલના સત્તાધિશોને થતા તેઓ પણ દોડતા થઈ ગયા હતા. જેને પગલે સેકટર-૭ પોલીસમાં જાણવાજોગ અરજી કરવામાં આવતા પોલીસે દર્દીને શોધવા તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિજાપુર તાલુકાના પિલવઈ ગામના ભરત ચતુરભાઈ રાવળ (ઉં.૪૫) કોરોના પોઝીટીવ હોવાથી ગાંધીનગર સિવિલમાં સારવાર માટે એડમીટ કરાયા હતા. જયારે ભરત કોવીડ વોર્ડમાંથી સવારના સમયે ગાયબ થઈ ગયો હતો. પહેલા કોઈને જાણ થઈ ન હતી કે બેડ પરથી દર્દી જતો રહ્યો છે. પરંતુ દર્દી બેડ પર કલાકો સુધી ન આવતા સ્ટાફના કર્મચારીઓએ દર્દીની શોધખોળ આદરી હતી. થોડા સમય પહેલા ગાંધીનગર સિવિલમાંથી જ એક દર્દીનો મૃતદેહ બે દિવસ બાદ વોર્ડના બાથરુમમાંથી મળી આવ્યો હતો. જેને પગલે સિવિલ તંત્રના કર્મચારીઓ દ્વારા તમામ વોર્ડના શૌચાલયો ચેક કરી દેવામાં આવ્યા હતા. તેમ છતા દર્દી મળી આવ્યો ન હતો. દર્દી ગાયબ થઈ ગયો છે તે વાત કોઈ જાણી જાય તે માટે સિવિલના કર્મચારીઓ છેક પિલવઈ ગામ સુધી તાત્કાલીક જઈ આવ્યા હતા.જો કે દર્દીએ દાખલ થતા સમયે લખેલુ એડ્રેસ પર લોક હોવાથી તેઓ પરત ફર્યા હતા. સિવિલ તંત્ર દ્વારા જાણવાજોગ અરજી કરતા સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ સચિન પવારે જણાવ્યું હતું કે કોરોના સંક્રમિત દર્દી જાણ કર્યા વિના ક્યાં જતો રહ્યો હોવાથી તેની સામે એપેડેમીક એકટ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# રાજ્યની 8 GMERSનાં ડૉક્ટર અને નર્સની હડતાળ સમેટાઈ

## ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા ગુજરાત મેડિકલ ટીચર એસોસિએશન સાથે પુનઃ બેઠક યોજવામાં આવશે

ગાંધીનગર,તા.૧૪

ગઈકાલે આખો દિવસ પોતાની માંગણીઓ માટે આંદોલન કર્યા બાદ મોડી રાત સુધી જીએમઈઆરએસના તબીબ અને નર્સની ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા સાથે બેઠક ચાલી હતી. આ બેઠકમાં સરકારનુ હકારાત્મક વલણ સામે આવ્યું છે. જેમ બને તેમ ઝડપી ડ્યુટી જોઈન કરવાનુ એસોસિએશન દ્વારા નિર્ણય કરાયો છે. ફરીથી ગૃહ રાજયમંત્રી પ્રદિપસિહ જાડેજા સાથે હડતાળના મુખ્ય લોકોની સાથે બેઠક યોજાશે. આમ, હાલ પુરતી સ્ટ્રાઈક સ્થગિત કરાઈ છે. ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા પુનઃ ગુજરાત મેડિકલ ટીચર એસોસિએશન સાથે પણ બેઠક યોજવામાં આવશે. મોટાભાગના મુદ્દાઓ ઉપર રાજ્ય સરકારનું સમાધાનકારી વલણ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે.

ત્યારે આજે બપોરે બેઠક થયા બાદ આખરી નિર્ણય લેવાશે. જોકે, બીજી તરફ, ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિયેશનનો વિરોધ યથાવત છે. તેઓ હડતાળ સમેટવાના મૂડમાં હજી પણ નથી. સરકારે નોન પ્રેક્ટિસ એલાઉન્સ, કોન્ટ્રાક્ટ ભરતી રદ અને પ્રાઈવેટ પ્રેક્ટિસની છૂટ અંગેની માગણીઓ ના સ્વીકારતા ડોક્ટરોની નારાજગી યથાવત છે. કુલ ૧૪ માગણીઓમાંથી સરકારે ૧૦ માગણીઓનો સ્વીકાર કરાયો છે. જોકે હજુ લેખિતમાં માંગણીઓ અંગે સરકારે કોઈ સ્પષ્ટતા કરી નથી. આ ૧૦ જેટલી માંગણીઓ સરકાર જો સ્વીકારી લે તો જ ડોક્ટરો કોવિડ અને ઈમરજન્સી સેવાઓ શરૂ કરશે. હજુ પણ ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિયેશનના ૧૭૦૦ જેટલા ડોક્ટરો નોન કોવિડ ડ્યુટીથી અળગા રહેશે.

જીએમઈઆરએસના તબીબો અને નર્સિંગ સ્ટાફની હડતાળના બીજા દિવસે ગુરુવારે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં વાતાવરણ તંગ બન્યું હતું અને પોલીસકાફલો ખડકી દેવાયો હતો. દરમિયાન જીએમઈઆરએસના પૂર્વપ્રમુખ ડૉ. ગૌરીશંકરને નજરકેદ કરાયા હતા. જોકે, ૪ કલાક બાદ મુક્ત કરી દેવાયા હતા. આ ઘટનાને પગલે તબીબોમાં રોષ ફેલાયો હતો.મોડી રાત્રે ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ હડતાળિયા તબીબોના ૨ પ્રતિનિધિને પ્રશ્નોની ચર્ચા કરવા બોલાવ્યા હતા.

# કોરોનાની ગતિ ધીમી પડી : ગ્રામ્યમાં ૧૨૫ અને શહેરમાં ૯૮ નવા કેસ

## જિલ્લામાં આજે ૩૩૦ દર્દી કોરોનામુક્ત થયા : સારવાર દરમ્યાન ૨ ના મોત : ગાંધીનગરમાં ૪૨, દહેગામમાં ૨૪, કલોલમાં ૪૧, માણસામાં ૧૯ કેસ નોંધાયા : શહેરમાં સરગાસણ-વાવોલમાંથી ૯૮, કુડાસણ, સે. ૨૭ માંથી ૬, સે. ૨૬ અને ૧૭ માંથી ૫-૫, સે. ૨, ૪, ૧૩, ૧૪ તેમજ પી.ડી.પી.યુ.માંથી ૪-૪ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ધીમી ગતિએ કોરોનાનું સંક્રમણ ઘટવાનો આરંભ થયો છે. જિલ્લામાં આજે પણ નવા નોંધાયેલા કેસોની સામે કોરોનામુક્ત દર્દીઓની સંખ્યા વધુ નોંધાતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે. છેલ્લા સપ્તાહથી આ ઘટાડાનો સિલસિલો ચાલુ થયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૨૫ કેસ નોંધાયા છે જ્યારે શહેરમાં ૯૮ નવા કેસ મળી કુલ ૨૨૩ નવા કેસ નોંધાયા છે. આ સામે જિલ્લામાંથી આજે ૩૩૦ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦ દર્દી અને શહેરમાં ૧૩૦ દર્દીઓ આજે કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલની તુલનામાં આજે પાંચ કેસ વધુ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૫ કેસ નોંધાયા છે જેમાં દહેગામ તાલુકામાં ૨૪, ગાંધીનગરમાં ૪૨, કલોલમાં ૪૦ અને માણસામાં ૧૯ કેસ નોંધાયા છે.

ગાંધીનગર અને કલોલ તાલુકો કોરોનાની પ્રથમ લ્હેરમાં પણ સૌથી વધુ પ્રભાવિત તાલુકા હતા અને બીજી લ્હેરમાં પણ તે પ્રભાવિત વધુ થયા છે. જો કે માણસા અને દહેગામને પણ બીજી લ્હેર વધુ પ્રભાવિત કરી ગઈ છે એટલુ જ નહિ જિલ્લાના ચારેય તાલુકામાં તે ઘાતક પણ પુરવાર થઈ છે.

જિલ્લામાં આજે પણ સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત થયા છે. ૧ ગ્રામ્ય વિસ્તારના દર્દીનું અને ૧ દર્દીનું ગાંધીનગર શહેરનો સારવાર દરમ્યાન અવસાન પામેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી એક પણ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ નથી અને તમામ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૧ મહિલા દર્દી, નવ દર્દી ૨૦ થી ઓછી આયુ ધરાવતા, ૧૭ ખેડૂત, ૧૨ વિદ્યાર્થી, પાંચ શ્રમિક પરિવારના સભ્યો તેમજ નાના વેપારીઓ અને ખાનગી નોકરી કરતા લોકો સંક્રમિતોની યાદીમાં છે.

દહેગામમાં આજે વધુ ૨૪ કેસ નોંધાયા છે. દહેગામના અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

દહેગામ અર્બનમાંથી આજે વધુ ૪ કેસ મળવા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં હિલોલમાંથી ૬, ગમીજ અને અંગુથલામાંથી ૩-૩, ગુડીયાની મુવાડી, ટીંબાની મુવાડી, વાસણા-સોગઠી, હરસોલી, અમરાજીના મુવાડા, લવાડ, રખિયાલ, સાંપાથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં બે-ત્રણ દિવસ બાદ પુનઃ કોરોનાએ તેનુ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. તાલુકામાં આજે જિલ્લાના સૌથી વધુ કેસ નોંધાયા છે. તાલુકામાં કેસો વધતાં તંત્રમાં ચિંતા પણ વધવા પામી છે.

તાલુકામાં આજે સાંસદ આદર્શ ગ્રામ તરીકે પસંદગી પામેલ રૂપાલમાંથી એક જ દિવસમાં ૧૫ કેસ નોંધાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ ઉપરાંત સરઢવમાંથી ૬, વાસણમાંથી ૫ કેસ, દશેલા-ટીંટોડામાંથી ૩-૩ કેસ, મોટી આદરજ, સોનીપુર, દંતાલી, તારાપુરમાંથી ૨-૨ કેસ તેમજ જલુંદ, સોનારડામાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે વધુ ૪૦ કેસ મળી આવ્યા છે. કલોલમાં બીજી લ્હેરમાં પણ પ્રથમ લ્હેરની જેમ જ વધુ પ્રભાવિત થયેલુ જણાયુ છે. કલોલ શહેરમાં આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે જેમાં કલોલ અર્બન-૧ માંથી ૮ અને કલોલ અર્બન-૨ માંથી પણ ૮ કેસ મળી આવેલ છે. કલોલના ગ્રામ્ય વિસ્તારમાંથી આ વખતે જે ઝડપે કેસો મળી રહ્યા છે તેથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં વડસર, રાંચરડામાંથી ૩-૩, ખાત્રજમાંથી ૫, જેઠલજ, વાંસજડા, સાંતેજમાંથી ૨-૨ કેસ તેમજ મોટી ભોંયણ, પીયજ, ડિંગુચા, નાસ્મેદ, આરસોડિયા, ઈસંડ, ઓલામાંથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે વધુ ૧૯ કેસ મળી આવેલ છે. પુંધરા ગામેથી ૪, બિલોદરા, વિહાર, વરસોડા અને માણસા અર્બનમાંથી ૨-૨ કેસ ઉપરાંત ચરાડા, અનોડિયા, રંગપુર, લીંબોદરા, માણકેપુર, પ્રતાપનગર, વ્યાસ પાલડી ગામેથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૦૦ દર્દી કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૮૧૦૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૬૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૮૩૧૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં સંક્રમણ ઘટતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. શહેરમાં આજે ૯૮ કેસ નવા નોંધાયા છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી સતત કેસો ઘટી રહ્યા છે જો કે કોરોના માટે સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે સેક્ટરોમાં ૫૮ કેસ અને શહેરમાં સમાવિષ્ટ અન્ય વિસ્તારોમાં ૪૦ કેસ નોંધાયા છે. શહેરની જાણીતી સંસ્થા પી.ડી.પી.યુ. કેમ્પસમાંથી આજે ૪ કેસ મળી આવતાં તંત્ર દોડતુ દેખાયુ હતુ.

શહેરમાંથી આજે સે. ૪ માંથી ૨ વર્ષનું બાળક તેમજ કુડાસણમાંથી પાંચ વર્ષનું બાળક સંક્રમિત થયેલુ મળતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે ૨૦ કે તેથી ઓછી આયુ ધરાવતા ૯ દર્દી મળી આવ્યા છે.

શહેરમાંથી આજે ૫૨ મહિલા દર્દી તેમજ ૧૫ જેટલા ૬૦ થી વધુ વય ધરાવતા દર્દીઓ મળી આવતાં તંત્રની ચિંતા વધી છે. કોરોનાની આ બીજી લ્હેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધુ નોંધાઈ રહી છે.

શહેરમાં રિકવરી રેટ પણ ઝડપથી સુધરી રહ્યો હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે. શહેરમાં આજે વધુ ૧૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં યુવા વર્ગ, મહિલા અને બાળકો છેલ્લા થોડાક દિવસથી જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરના સેક્ટરોમાં આજે સે. ૨૭ માંથી ૬ કેસ, સે. ૨૬ અને ૧૭ માંથી ૫-૫ કેસ, સે. ૨, ૪, ૧૩, ૧૪ માંથી ૪-૪ કેસ, સે. ૩, સે. ૫, ૨૨, ૨૯ માંથી ૩-૩ કેસ, સે. ૬, ૧૨, ૨૩, ૩-એ-ન્યુમાંથી ૨-૨ કેસ તેમજ સે. ૧, ૨૪ અને સે. ૩૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં સરગાસણ, વાવોલમાંથી ૮-૮, કુડાસણમાંથી ૬, પી.ડી.પી.યુ.માંથી ૪, ધોળાકુવા, પેથાપુર, ઝુંડાલમાંથી ૩-૩, રાંધેજામાંથી ૨ કેસ, ઉપરાંત ઉવારસદ, રાયસણ અને રાંદેસણમાંથી પણ કેસ મળી આવેલ છે. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અસરકારક અમલવારી થાય તે માટે સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

## સિવિલમાં મ્યુકર માઈકોસીસના દર્દી પર શસ્ત્રક્રિયા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે મ્યુકર માઈકોસીસમાં એક દર્દી પર શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. આ દર્દી છેલ્લા બે દિવસથી સારવાર હેઠળ હતુ અને આજે તેના પર શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં મ્યુકર માઈકોસીસના કેસોએ દેખા દીધી છે. ૨૦ થી વધુ દર્દીઓ અત્યારે જણાયા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ અંગે બે વોર્ડ પણ શરૂ કરવામાં આવ્યા છે જે નોંધનીય છે.

# કોરોનાનુ ગ્રહણ : વેપારીઓને કરોડોનુ નુકશાન

## ગાંધીનગરના બજારોમાં સન્નાટો : કોરોના ઇફેક્ટના લીધે અક્ષય તૃતિયાના દિવસે પણ બજારોમાં સુનકાર

## હાલના કપરા સંજોગોમાં આર્થિક ગતિવિધિઓ ઠપ્પ થઇ જતા નગરના વેપારીઓને મોટો આર્થિક ફટકો

ગાંધીનગર તા ૧૪

કોરોનાના કપરા કાળમાં ઘરની બહાર નિકળવાનુ જોખમી બન્યુ છે. જયારે સંક્રમણની ચેઈન તોડવા માટે લાંબા સમયથી વેપાર ધંધા પણ બંધ છે. ગાંધીનગરના શોપિંગ બજારમાં છેલ્લા ૧૫ દિવસથી સદંતર સન્નાટો છવાયેલો છે. આજે પણ અક્ષય તૃતિયાના શુભ દિવસે વેપારની વૃતિ પ્રવૃતિને વેગ મળતો હોય છે પરંતુ શહેરના શોપિંગ બજારોમાં સુનકાર જોવા મળ્યો હતો. ઘાતક કોરોનાએ ભરડો લેતા જનજીવન સુન્ન પડી ગયુ છે. ત્યારે વેપારીઓએ પણ આ લાંબા સમય દરમિયાન કરોડો રૂપિયાનુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આજે અક્ષય તૃતિયાના શુભ દિવસે વેપારની વૃતિ પ્રવૃતિ વેગ મળવાની જગ્યાએ કોરોના ઈફેકટના લીધે શહેરમાં દિવસે પણ કરફયુ જેવી સ્થિતિ જોવા મળી હતી.

કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક પુરવાર થતા હાલ પણ માંડ માંડ હાલત સુધારા તરફ જઈ રહ્યા છે. પ્રત્યેક નાગરિકો કોરોનાના કહેરમાંથી મુકત થાય તેવી આશ સેવી રહ્યા છે. કોરોનાના કહેરને ડામવા માટે રાજયના વિવિધ શહેરોમાં રાત્રિ કરફયુ લાદવામાં આવ્યો છે. આ ઉપરાંત દિવસ દરમિયાન પણ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના વેચાણ માટે ગણતરીની દુકાનો જ ખુલ્લી જોવા મળે છે. ગાંધીનગરમાં પણ છેલ્લા ૨૦ દિવસથી કરિયાણા ,શાકભાજી અને દવાનો જ વેપાર થાય છે. અલબત્ત લોકડાઉનની અસરથી જનજીવનમાં અનોખો સન્નાટો જોવા મળી રહ્યો છે. કોરોનાની બીજીલહેર વધુ જાનલેવા પુરવાર થતા આમ નાગરિકોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. પ્રાણઘાતક કોરોનાથી બચવા માટે નગરના વેપારીઓએ પણ લાંબા સમયથી સ્વૈચ્છિક દુકાનો બંધ રાખવાનુ શરૂ કરી દીધુ હતુ જયારે આજે છેલ્લા ૧૫ દિવસથી નગરના શોપિંગ બજારમાં સન્નાટો પ્રવર્તાયો છે. વેપારીઓ કામ ધંધા બંધ કરી ઘરે બેસી ગયા છે.




આજે પણ અક્ષય તૃતિયાના શુભ દિવસે વેપારીઓ વિશેષ કામ ધંધામાં વ્યસ્ત રહે છે. શુભ મુહુર્તમાં ખરીદી પણ વિશેષ થાય છે. સોના ચાંદી ઉપરાંત જમીન , દુકાન અને મકાનોની ખરીદી માટે પણ અખાત્રીજના દિવસને શુભ માનવામાં આવે છે. પરંતુ કોરોના કાળમાં આજે પણ નગરના શોપિંગ બજારો સુન્ન જોવા મળ્યા હતા. લાંબા સમયથી શહેરમાં વેપાર ઉદ્યોગની પ્રવૃતિ ઠપ્પ થઈ ગઈ છે. જેના લીધે શહેરના નાના મોટા વેપારીઓ બિલ્ડરો સહીત જવેલર્સ અને અન્ય નાના મોટા ઉદ્યોગોને પણ આર્થિક ફટકો પડયો છે. કોરોનાનુ સંક્રમણ ઘટે અને નાગરિકોના જીવ બચે તે માટે ભીડ ભેગી ન થાય તે પણ અનિવાર્ય છે. જયાં સુધી સ્થિતિ કાબુમાં ન આવે ત્યાં સુધી આ બધાનો યોગ્ય અમલ થાય તે અત્યંત જરૂરી છે.

બીજીતરફ લાંબા સમયથી ધંધો બંધ રાખી બેહાલ બનેલા વેપારીઓ પણ લાચારી સેવી રહ્યા છે. આડા દિવસોમાં અખાત્રીજ જેવા શુભ દિવસે મોટાભાગના વેપારીઓ અને બિલ્ડરો પણ તેમની વેપારી વૃતિ પ્રવૃતિને વેગ આપવા માટે વિશેષ આયોજન કરતા હોય છે. પરંતુ કોરોના કાળમાં ગાંધીનગરના વેપારીઓએ લાંબા સમય સુધી વેપાર ધંધા અનલોક ન થતા કરોડો રૂપિયાનુ નુકશાન કર્યુ છે. જયારે હજુ આગળ શુ નિર્ણય લેવાય તેના પર સૌ કોઈની નજર છે.

# ધો -૧૨ બોર્ડ પરીક્ષા અંગે આજે સમીક્ષા બેઠકના અંતે નિર્ણય લેવાશે

## નવી તારીખ ઓછામાં ઓછા ૧૫ દિવસનો સમય આપી જાહેર કરાશે

ગાંધીનગર તા ૧૪

કોરોનાના કપરા કાળમાં બધુ અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. બોર્ડ પરીક્ષાના પરિણામની વાટ જોવાના ટાંણે વિદ્યાર્થીઓ પરીક્ષાની નવી તારીખ જાહેર થાય તેના ઈન્તજારમાં છે. ધો -૧૦ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાના નિર્ણય બાદ હવે ધો -૧૨ ની પરીક્ષા અંગે સમીક્ષા બેઠકના અંતે શુ નિર્ણય લેવાશે તે તરફ વિદ્યાર્થીઓ અને વાલીઓની મીટ મંડરાઈ છે. આજે આ મામલે સમીક્ષા બેઠક યોજવામાં આવનાર છે.

કોરોનાના કપરા કાળમાં કોર કમિટીએ ધો -૧૦ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવોનો નિર્ણય લેતા રાજયના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓની મુંઝવણનો અંત આવ્યો છે. જયારે ધો -૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા તા ૧૦ મેં થી ૨૫ મેં દરમિયાન યોજવામાં આવનાર હતી પરંતુ કોરોનાના સંક્રમણના લીધે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા પણ સ્થગિત કરવામાં આવી હતી. જયારે ધો -૧૦ ના વિદ્યાર્થીઓને આ વર્ષ માટે માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવાયો છે ત્યારે ધો -૧૨ ના બોર્ડના વિદ્યાર્થીઓ પણ લાંબા સમયથી પરીક્ષાની તારીખ જાહેર થાય તેની કાગડોળે વાટ જોઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાના આયોજન અંગં લાંબા સમયથી ઈન્તેજારી અને ઉત્સુકતા પ્રવર્તી છે. જયારે કોર કમિટીએ ધો -૧૦ ની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો હતો ત્યારે ધો -૧૨ ની પરીક્ષા સંદર્ભે પણ ૧૫ મેં ના રોજ કોરોનાની સ્થિતિનુ આંકલન કરીને નિર્ણય લેવાશે તેમ પણ જણાંવ્યુ હતુ જેના લીધે બોર્ડના વિદ્યાર્થીઓની ઉત્સુકતા વધી છે. પરીક્ષાની નવી તારીખ જાહેર થાય તે તરફ સૌ કોઈની મીટ મંડરાઈ છે .જયારે આજે આ મામલે સમીક્ષા બેઠકના અંતે શુ નિર્ણય લેવાશે તે અંગે વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉત્સુક બન્યા છે. જયારે પરીક્ષા ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમય આપીને જાહેર કરવામાં આવશે તેમ પણ કમિટીએ જણાંવતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો છે.

# પૂર્વ મેયર પ્રવિણ પટેલે કથળેલા ગટર વ્યવસ્થાપન અંગે વધુ એક પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના પૂર્વ મેયર પ્રવિણ પટેલે આજે વધુ એક પત્ર માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને લખ્યો છે. તેમણે આજે લખેલા નવા પત્રમાં ખુલ્લી ગટરો અને તેના મેન હોલ જે ખુલ્લા પડ્યા છે તે વાતને લઈ ચિંતાની લાગણી વ્યક્ત કરી છે.

બે પાનાના વિસ્તૃત પત્રમાં પ્રવિણ પટેલે જણાવ્યુ છે કે ગટરો ઉભરાવવાની સમસ્યા પણ ચોમાસામાં ન ઉદ્‌ભવે તે માટે અત્યારથી જ પગલાં લેવામાં આવે તે જરૂરી છે. તેમણે આ પત્રની સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં જે રીતે ગટરના ઢાંકણા ખુલ્લા પડ્યા છે અને તેમાંથી વહી રહેલા ગંદા પાણીને કારણે આસપાસના વિસ્તારોમાં મારતી દુર્ગંધ તેમજ રોગચાળો વધુ વકરે તેવી સ્થિતિનું નિર્માણ થશે તેવો ભય વ્યક્ત કર્યો છે.

તેમણે તેમના આ પત્રમાં મેન હોલ પણ ખુલ્લા પડ્યા હોવાને લઈ ચિંતા વ્યક્ત કરી છે. શહેરમાં ચોમાસુ આવવામાં છે ત્યારે ગટર લાઈનો ચોક-અપ ના થઈ જાય અને ગટરો ઉભરાય નહિ તે માટે અત્યારથી જ સઘન કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે.

શહેરમાં વરસાદી પાણી ભરાઈ ના રહે અને તેનો ઝડપથી નિકાલ થાય તે માટે સ્ટ્રોમ વોટર પાઈપલાઈનની સફાઈ અને નવી નાખવાની કામગીરીને પણ વેગીલી બનાવવા પર ભાર મુક્યો છે.

### રાજકીય પ્રવાહોમાં ગરમી

એક જ સપ્તાહના સમયગાળામાં પ્રવિણ પટેલે બીજીવાર તંત્રને પત્ર લખી અને શહેરના પ્રશ્નોને ઉજાગર કરતાં રાજકીય વર્તુળોમાં તેમના પત્રો વધુ ચર્ચામાં આવ્યા છે. પાટનગરના રાજકીય વર્તુળો પણ પૂર્વ મેયર જે રીતે સક્રિય થયા છે તેને અત્યંત બારીકાઈથી જોઈ રહ્યા છે.

શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા છેલ્લા એકથી દોઢ વર્ષમાં અત્યંત પેચીદી બની ઉભરી આવી છે. બીજી તરફ આ ગટરાલાઈનો જુની પણ થઈ છે. શહેરમાં ચોમાસા દરમ્યાન પાણીજન્ય રોગચાળાના કેસો પણ છેલ્લા બે વર્ષ દરમ્યાન જે રીતે જોવા મળ્યા છે તેને લઈ આ પત્રને ખુબજ અગત્યનો પત્ર રાજકીય વર્તુળો લેખાવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩, ફોન નં. : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

ગાંધીનગર ડેરી ખાતે વર્ષ દરમિયાન બ્રાન્ડેડ કોમ્પ્યુટર તથા પ્રિન્ટર અને કોમ્પ્યુટર પ્રિન્ટરના રીપેરીંગ, સ્પેર્સ (હાર્ડવેર આઈટમ) તથા ઈન્ટરનેટ માટેના વાયર અને ફીટીંગ્સ મટીરીયલ્સના વાર્ષિક ધોરણે સપ્લાય કરવાના ભાવ ભરવા બાબત.

ગાંધીનગર દૂધ સંઘ (મધુર ડેરી) ગાંધીનગર ખાતે બ્રાન્ડેડ કોમ્પ્યુટર તથા પ્રીન્ટરપ અને કોમ્પ્યુટર પ્રીન્ટરના રીપેરીંગ સ્પેર્સ (હાર્ડવેર આઈટમ) તથા ઈન્ટરનેટ માટેના વાયર અને ફીટીંગ્સ મટીરીયલ્સ વર્ષ દરમિયાન જરૂરિયાત પ્રમાણે ખરીદવાની થાય છે. રસ ધરાવતા સપ્લાયરે ટેન્ડરમાં જણાવેલ અંદાજીત જરૂરિયાત મુજબ ટેન્ડર ભાવ ભરવા માટે જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૨૨/૫/૨૦૨૧ના બપોરના ૩-૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ ફી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) રોકડા હિસાબી શાખામાં ભરીને ટેન્ડર ફોર્મ રૂબરૂ મેળવી લેવાના રહેશે. અને ભરેલ ટેન્ડર ભાવ સાથે રૂ. ૩૦,૦૦૦/- (રીફંડેબલ) ડી.ડી. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના નામનો બીડીને સીલબંધ કવરમાં તા. ૨૨/૫/૨૦૨૧ બપોરના ૪-૦૦ કલાક સુધીમાં ઉપરોક્ત સરનામે વહીવટ વિભાગમાં રૂબરૂ પહોંચાડવાના રહેશે.

ઉપરોક્ત ભાવ કે ઓફર સ્વીકારવા કે નહિ સ્વીકારવા તે અંગે સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો અબાધિત અધિકાર રહેશે.

ઈ.મેનેજીંગ ડીરેક્ટર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com